સ્પીરીચ્યુએ-લીઝમ.

એટલે

મુએલાં માણસના આત્મા સાથે વાતચીત કરવાની વિદ્યા.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

માસ્તર નાનાલાલ મગનલાલ.

જાદુ મંત્રનાં પુસ્તકો રચનાર.

ઠેકાણું-રીચીરોડની સડક ઉપર-અમદાવાદ.

શ્રી "સત્યસાગર" પ્રિન્ટીંગ પ્રેસ.—અમદાવાદ.

:o:

આવૃત્તિ. ૧ લી. પ્રત ૫૦૦ સને ૧૯૧૦

કિમ્મત ચાર આના.

સ્પીરીચ્યુએલીઝમ.

સ્પીરીચ્યુએલીઝમ—એટલે કેટલાંક વરસ થયાં મરણ પામેલાં માણસના આત્માને આપણી રૂબરૂમાં બોલાવી તેમની સાથે વાતચિત કરવાની વિદ્યા કેટલાંક વરસ થયાં અમેરીકા, યુરોપ વગેરે ખંડોમાં ઘણી ધામધુમથી ચાલે છે; તેમજ આપણા દેશમાં પણ કેટલાક સ્થળે થિઓસોફીકલ નામની સોસાઇટીની શાખાઓ સ્થાપન થએલી છે, તેમાં એ વિદ્યાનો પ્રચાર ચાલુ જોવામાં આવે છે પરંતુ ગુર્જર બંધુઓમાં તે વિષેની જોઇએ તેવી માહીતી ન હોવાથી તેઓમાંથી ઘણાક લોકો તે વિદ્યાનો લાભ લેઈ શકતા નથી; એમ જાણી મારા પોતાના અનુંભવના આધારે (તે વિદ્યા વિષે સઘળું વિવેચન ન કરતાં ફકત) કોઇ પણ મરણ પામેલા માણુસના આત્માને કેવી રીતથી બોલાવવો, તથા તેના આવ્યા બાદ કેમ વર્તણુક ચલાવવી, ઇત્યાદિ જાણવા યોગ્ય માહીતી સંક્ષેપમાં લખું છું, જે વાંચી તે વિદ્યા વિષે વહેમ ધરાવનાર અગર અજાયબ થનારા શખ્સો મારા લેખ પ્રમાણે પ્રયોગ કરી પોતાની ખાત્રી કરી લેશે, જો કોઇને આ વિદ્યા વિષે વધારે માહીતી મેળવવા ઇચ્છા હોય, તો અમને રૂબરૂમાં મળવાથી તેને આ વિદ્યાની જરૂર જોગી મદદ આપવામાં આવશે.

૧—આ વિદ્યા ચક્કર માંડીને (ગોળ રીતે કેટલાંક માણુસોએ) બેસવાથી સિદ્ધ થાય છે

૨—ચકર માંડવાની રીત એવી છે કે એક સ્વચ્છ હવાવાળા એકાંત મકાનમાં એક ગોળ ટેબલ મુકી તેની ચારે બાજુએ ગોળાકાર રીતે ખુરશીઓ ગોઠવવી જો ખુરશીઓમાં કપડા અગર ચામડાની ગાદીને બદલે નેતર ભરીને અથવા લાકડાનાં પાટીઆં જડીને બેઠકો કરેલી હશે તો વધારે સારૂં.

૩—ચકર દીવસે માંડવા કરતાં રાત્રીએ માંડવું એ વધારે સારૂં છે, માટે ઘણું કરી રાત્રીના નવ દશ વાગ્યાના સુમારે માંડવું

૪—ત્રણથી ઓછાં અને દશથી વધારે માણસોએ કદી પણ ચકરમાં બેસવું નહીં.

૫—ચકરમાં બેસનાર સઘળાં માણસોએ ટેબલીની આસપાસ ગોઠવેલી ખુરસીઓપર બેસી ટેબલપર પોતાના બન્ને હાથ રાખી ચકર બનાવવું, તે એવી રીતે કે એક માણસનો જમણો હાથ તો બીજાનો ડાબો હાથ, એમ દરેક માણસના હાથ એક બીજા સાથે જોડીને ટેબલપર મુકવા. તેથી ટેબલપર સઘળા માણસોના હાથો મળીને એક ગોળ ચકર (કુંડાળું) બની જશે.

૬—જો કદાપી ચકર માંડવાને પુરતી ખુરસીઓની સગવડ ન હોય તો સઘળા માણસોએ જમીનપર ગોળાકાર રીતે બેસી, સઘળાંની વચમાં થોડી ઊંચાઇવાળો એક બાજઠ (ચોકી) રાખી તેપર દરેકના હાથ મુકી ઉપલી રીતે જોડી ચકર બનાવવું. ધારો કે જાણે ચાર માણસો ચકરમાં બેઠેલાં છે તો તમારે ડાબો હાથ તમારી ડાબી બાજુએ બેઠેલા માણસના જમણા હાથપર મુકવો, જેથી એનો ડાબો હાથ એની ડાબી બાજુએ બેઠેલા માણસના જમણા હાથપર રહેશે; અને તેનો ડાબો હાથ તમારી જમણી બાજુએ બેઠેલા માણસના જમણા હાથપર રહેશે, તેથી જમણી બાજુએ

બેઠેલા માણુસનો ડાબો હાથ તમારા જમણા હાથપર આવી ચકર બંધાઇ જશે. આ જેમ ચાર માણુસના ચકરની વાત કહી તેમ સઘળાં માણુસોનું ચકર બનાવવું.

૭—ચકરમાં બેસતાં પેહેલાં મકાનમાંથી કચરો, પુંજો વગેરે કાઢી સુવાસિક ધુપ વગેરે કરી સ્વચ્છ બનાવવું.

૮—પુરૂષ અને સ્ત્રી. કાળા અને ગોરા, બળવાન અને નિર્બળ, બુદ્ધિહીન અને બુદ્ધિવાન, આળસુ અને ઉદ્યોગી, જુવાન અને બુઢા વગેરે એક બીજાથી ઉલટા ગુણુવાળા દર બબે માણુસોએ ચકરમાં જોડાજોડ બેસવું.

૯—જે જે માણુસો ચકરમાં (ગોળાકારમાં) બેસે તેઓમાં એક બીજાને માટે શત્રુતા, ધર્મ,દ્વેશ, દેહાભિમાન, કિંવા ધન, ધાન્ય નીચ, ઉચ વગેરે બાબતનો અભિમાન ન હોવો જોઇએ.

૧૦—વાદળ, વરસાદની વૃષ્ટી, આકાશમાં વિજળી કિ'વા ગર્જના થતી હોય. ઘણી થંડી, ઘણી ગરમી, એવા વખતે બરાબર ફળ મળતું નથી. માટે સાધારણ ઠંડી અગર સાધારણ ગરમીના વખતે અંધકાર અથવા કમતી ઉજાસવાળા ઘરમાં ચકર માંડવું.

૧૧—ચકરમાં બેઠેલાં સઘળાં માણુસોએ મનમાંથી ચિંતા, શોક, કામ, ક્રોધ, લોભ, મોહ, વગેરે સર્વે ઉપાધિઓ દુર કરી એક બીજા સાથે મધુર ભાષણ કરવાં, અગર એક મનુષ્યે મધુર સુરથી ગાયન કરવું. અગર કંઇ રસીક વાંચન વાંચવું. અને બીજાઓએ તે એક ચિતથી સાંભળવું. મતલબ કે ગમે તે પ્રકારે ચકરમાં બેઠેલાં સઘળાં માણુસોનુ શાંતતાથી એક ચિત કરવું.

૧૨—જે ઘરમાં ચકર માંડયું હોય ત્યાં ઘણું કરીને ચકરમાં બેઠેલા માણુસો સિવાય બીજા માણુસોને રહેવા દેવાં નહીં.વખતપર તમારા

કોઇ ખાસ મિત્રો વગેરે ત્યાં આવેલા હોય, તો તેમને પણ તે મકાનની બહાર બોલે ચાલે નહીં તેમ શાન્ત ચિત્તથી બેસાડી રાખવાં અને જ્યારે તમારા ચકરમાં એકાદ આત્મા આવે ત્યારબાદ તેઓને ઇસારતથી અગર ચકર ભંગ ન કરતાં એટલે ચકરમાંથી કોઇએ પણ ઉઠયા સિવાય ફક્ત હાંક મારી બોલાવવા. મકાનનાં બારી બારણાં ઘણું કરીને બંધ રાખવાં કે જેથી બીજા માણસો અંદર આવી ગડબડ કરી શકે નહીં.

૧૩—ચકર માંડવાને કાયમ કરેલું ઘર, ટેબલ, દરેક માણસે પોત પોતાને માટે કાયમ કરેલી ખુરશી, બેસવાની જગ્યા, તથા કાયમ થયેલાં માણસો ઘણી જરૂરની બાબત સિવાય કદી પણ બદલાવા નહીં.

૧૪—પાપી દુષ્ટ કામમાં પ્રવૃત થનાર. અને નાસ્તિક માણસને તો તે સ્થળે બીલકુલ આવવા પણ દેવો નહીં.

૧૫—ચકરમાં બેસતી વખતે તે મકાનમાંના સઘળા દીવા બુજાવી નાંખી ફક્ત એકજ દીવો અને દીવાસળીની પેટી ટેબલની પાસે રાખી ચકર માંડવું. અને પછી તરતજ તે દીવો પણ બુજવી નાંખવો. અગર તેને ટેબલ નીચે રાખી તેનો પ્રકાશ ઘણોજ ઝાંખો રાખવો.

૧૬—સઘળાં મણુસોએ એક ચીત થયા બાદ કોઇ પણ મરણ પામેલા માણસનો આત્મા પોતાના ચકરમાં આવે એમ ચિંતવન કરવું એટલે મનમાં વીચાર કરવો.

૧૭—ચકર માંડવાનો તમને સારો અનુભવ મળ્યા બાદ એટલે કેટલીક વખત કોઇ કોઇ આત્મા તમારા ચકરમાં આવી ગયા બાદ. તમે જે માણસના આત્માને બોલાવવાને ધારશો તેને બોલાવી શકશો; પરંતુ શરૂઆતમાં તમારા અભ્યાસમાં તો કોઇ પણ અમુકજ

માણુસનો આત્મા અમારા ચકરમાં આવે તેમ ન વીચારતાં ગમે તે એકાદ આત્મા આવવા માટે ચિતવન કરવું. અને જે આત્મા આવે તેનો સારી રીતે આદર સત્કાર કરવો, જેથી તમારા ચક્રની વાત તે બીજા મુકાત્માઓને પહોંચાડશે, શરૂઆતમાંજ ફલાણો આત્મા આવે એમ ધ્યાન ધરવાથી આવેલો આત્મા નકલી રૂપ લેશે એવો સંભવ છે.

૧૮—જે એકજ માણુસના શરીરમાં દરરોજ આત્મા આ-આવવા લાગે તે મીડિયમ એટલે ભુવો કહેવાય છે. કેટલીક વખત એમ પણ બને છે કે શરૂઆતના દિવશોમાં દરરોજ જુદા જુદા માણુસોના શરીરમાં આત્માઓ આવ્યા બાદ. પંદર વીશ દીવસો જતાં દરરોજ એક કાયમ માણુસના શરીરમાંજ આત્માઓ આવે છે માટે જ્યાં સુધી મિડિયમ નક્કી ન થાય ત્યાં સુધી દરરોજ અરસ પરસ બેસવાની જગો બદલાવી જોઇએ. પરંતુ મિડિમય નક્કી થયા બાદ કોઇએ પણ પોતાની બેસવાની જગ્યા બદલવી નહીં.

૧૯—ચક્રમાં બેસનાર માણુસોએ પોતાનામાંથી એક મા-ણુસને પ્રમુખ ઠરાવવો જોઇએ; અને તે પ્રમુખની આજ્ઞાનુસાર સર્વે જણાએ વર્ત્તવું જોઇએ.

૨૦—જે માણુસ મિડિયમ તરીકે મુકરર થાય તેને હમેશાં ચકરમાં દક્ષિણ દીશા તરફ મ્હોં રહે તેવી જગો આગળ બેસા-ડવો જોઇએ, અને જેને પ્રમુખ તરીકે ઠરાવેલો હોય, તેણે મિડિ-યમની બરાબર સામે એટલે ઉતર દિશા તરફ મ્હો રાખીને બેસવું જોઇએ.

૨૧—પ્રમુખે સઘળાં માણસો સાથે માયાળુપણે વર્ત્તવું જોઇએ તથા મડિયમના શરીરમાં આત્મા આવ્યા બાદ જે કાંઇ પુછવું હોય, તે બીજા કોઇએ ન પુછતાં ફકત પ્રમુખેજ મધુર ભાષાથી માન સાથે પુછવું જોઇએ.

૨૨—ઉપર પ્રમાણે યોગ્ય ગોઠવણુ રાખી ચક્કર માંડવાથી સઘળા મનુષ્યોના અંગની વીજળી. એક બીજા સાથે મેળવી રાખેલા હાથો મારફત એક થઇ જાય, ટેબલપર એક વિદ્યુત ચક્કર બની જવાથી તે ચક્કરમાં અવશ્ય એકાદ આત્મા આવશે.

૨૩—ચક્કરમાં બેઠેલાં માણુસો જો જુદા જુદા આત્માઓ ની ભાવના કરશે તો કંઇ પણુ કાર્ય સિદ્ધ થશે નહીં.

૨૪—જ્યારે તમારા ચક્કરમાંના કોઇ પણુ માણુસનાં શરીર માં કોઇ પણુ આત્માનો પ્રવેશ થશે કે તુરતજ તેનો હાથ કાંપવા લાગશે, શ્વાસ દીર્ઘ થશે, અને ગળામાં ઘુર ઘુર અવાજ થશે.

૨૫—જ્યારે એ પ્રમાણે થાય કે તરતજ તમારામાંના પ્રમુખ માણુસે, ચક્કરનો ભંગ ન થાય એ રીતે એટલે પોતાની બન્ને બાજુના માણુસોના બન્ને હાથ પોતાના ખભા ઉપર મુકી, પોતાના બન્ને હાથ ખાલી કરી દીવાને પ્રકાશીત કરવો. બાદ તાબડતોબ જેનો હાથ કાંપતો હોય તેના હાથમાં પેન્સિલ આપી તે હાથ નીચે એક કોરો કાગળ મુકવો, અને પ્રશ્ન કરવો કે જો કદાપી આપ કોઇ પરલોક ગત મુક્તાત્મા હોવ તો કૃપા કરીને આ પત્રમાં ઉત્તર લખશો.

૨૬—કોઇ કોઇ વખત કોઇ મિડિયમ ઉત્તર ન લખતાં "ટપ ટપ," ટકોરા મારવા મંડી જાય છે. ત્યારે જો તે એક ટકોરો મારેતો "હા" અને બે ટકોરા મારે તો "ના" કહે છે એમ મતલબ સમજી તેની જોડે રીતથી વાતચિત કરવી.

૨૭—વખતપર મિડિયમ આળસ મરડે, નિંદ્રા લે, અને કંઇ અસ્પષ્ટ શબ્દો બોલવા લાગે તો જાણુવું કે થોડા સમયમાં તેનો ઉચ્ચાર સ્પષ્ટ નિકળશે, અને તે લેખીત નહીં પરંતુ મહોડેથી વાતચીત કરશે.

૨૮—કદી કદી કોઈ મિડિયમ મુકાત્માને આવતાં પણ દેખે ને, તેમજ આકાશમાં અગર ભીંતપર સોનેરી કિંવા રૂપેરી અક્ષરો છે એમ જોઇ તે વાંચે પણ છે; કદી કદી તે મકાનમાંની ખુરશીઓ, ટેબલ વગેરે હાલવાને પણ લાગે છે, દરવાજો બંધ છતાં બહારની કોઇ ચીજ તે મકાનમાં દાખલ થાય છે, અગર તે મકાનમાંથી કાંઇ ચીજ બહાર જતી રહે છે ત્યારે સમજવું કે કોઇ આત્મા અદ્દશ્ય રૂપે રહીને એમ કરે છે.

૨૯—કોઇ પણ આત્મા આવ્યા બાદ તેને શરૂઆતમાં એવા પ્રશ્નો પુછવા કે જેનો જવાબ ઘણોજ ટુંકો એટલે ફકત "હા" કિં· "ના" એટલોજ અથવા બે ત્રણ શબ્દો જેટલોજ હોય, બાદ અનુક્રમે તેને મોટા અને ગુહ્ય પ્રશ્નો પુછી તેની માહીતી મેળવવી પરંતુ શરૂઆતમાંજ તેને ગુચવાડામાં નાંખવો નહીં.

૩૦—કદી પણ મુકાત્માની પરીક્ષા જોવાને પ્રશ્ન કરવો નહી તેમજ જે પ્રશ્નોનાં જવાબ આપવાને તે નાખુશી બતાવે તેનો જવાબ મેળવવાને હઠ પણ લેવી નહી, કારણ તેમ કર્યાથી તે જલદીથી જતો રહેશે, અને આપણી એ અસભ્ય ભરેલી વર્તણુકની વાત બીજા આત્માઓને કરશે; જેથી બીજા મુકાત્માઓ પણ આવતા બંધ પડશે. માટે તેના તરફથી જે કંઇ આપણને જવાબ મળે તેની તે વખતેજ ખાત્રી ન કરતાં ઇચ્છા હોય તો બીજે દિવસે બનતા પ્રયત્ને કરી લેવી.

૩૧—આવેલા આત્માને પુછવામાં આવતા પ્રશ્નો પરમાર્થ બુધ્ધિનાજ હોવા જોઇએ; પરંતુ " મને ધન ક્યારે મળશે ? " " મારે છોકરાં કેટલાં થશે ? " વગેરે આપ મતલબના પ્રશ્નો કોઇએ કદી પણ પુછવા નહીં.

૩૨--કદી કોઇ વખત ઉત્તર મળતાં વિલંબ થાય તો ચપળતા ન કરી દેવી, કારણ આ કાંઇ બાળકોની રમત નથી પરંતુ એ વિચારણીય દેવતાઇ વિદ્યા છે.

૩૩--કોઇ કોઇ સમયે કેટલાક નિચ આત્માઓ પૈકીનો એકાદ આત્મા ગમ્મત કરવા અગર કાંઇ ઉપદ્રવ કરવા મિડિયમના શરીરમાં આવી તેને દુઃખ દે છે, અગર મકાનમાં અદૃશ્ય રહી તોફાન કરવા માંડે છે. માટે જો તેમ બને તો તે વખતે ન ગભરાતાં તેને કાઢી મુકવાનો ઉપાય કરવો.

૩૪—કાઢી મુકવાનો એ ઉપાય છે કે, ચકર માંડતી વખતે પ્રમુખે અગર મિડિયમે પરમેશ્વરનું ભજન કર્યા બાદ ચકર માંડવું તે છતાં, પણ જો કોઇ તેવો દુષ્ટ આત્મા આવ્યો હોય તો પ્રમુખે તે વખત હરીકીર્તન કરવું, અને મિડિયમના કાનમાં પરમેશ્વરના નામનો પોકાર કરવો.

૩૫—એકાદ ખાસ માણસના આત્માને બોલાવવો હોય તો સઘળા માણસોએ પ્રથમ હરીકીર્તન કરી અમારા ચકરમાં અમુકજ માણસનો આત્મા આવે એમ ઇશ્વર પાસે દુવા માગી ચકર માંડવું તથા તે માણસના આત્માને બોલાવવાને સઘળાઓએ મનમાંજ હાંક મારવી, પરંતુ તે આવશે કે નહીં તેનો કંઇ નિયમ નથી.

૩૬—મિડિયમ કાયમ થયા બાદ મિડિયમ અને પ્રમુખ એ બન્ને હાજર હોઇ, તેઓ ચકરમાં દરરોજ નવાં નવાં માણસો બેસાડીને ચકર માંડશે તોપણ હરકત નથી.

૩૭—કોઇ કોઇ માણસોના શરીરમાંથી રાત દિવસ એક પ્રકારનો તેલ જેવો પસીનો નિકળે છે, તે જાતના મનુષ્યો જો ચ-

કરમાં હોય તો વધારે સારૂ, કારણ જે દીવસ એવા મનુષ્યો જો ચ કરમાં હોય ત્યારે કંઇ કંઇ અદ્દભુત ચમત્કારો થાય છે.

૩૮—ઘણું કરી ચકર માંડવાની પ્રથમ દિવસની શરૂઆતથી માંડીને બે ચાર દિવસમાં તે ચકરમાં આત્માઓ આવવા લાગે છે. માટે બે ત્રણ દિવસ સુધી ચકર માંડતાં પણ જો કોઇ આત્મા ન આવે તો બેઠેલાં માણુસો યોગ્ય ગુણવાળાં નથી એમ સમજી દરરોજ માણુસો બદલતા રહેવું.

૩૯—જે દિવસે આત્મા આવવાનો હશે તે દિવસે ઘણું કરીને તે કલાક દોઢ કલાકની અંદર આવી જશે. માટે દરરોજ બે ત્રણ કલાકથી વધારે વખત સુધી ચકર રાખવું નહી. તેટલા અરસામાં જો કોઇ આત્મા આવે તો ભલે, નહીતર ચકર બંધ કરી ઉઠી જવું. પરંતુ જો તેટલા અરસામાં એકાદ આત્મા આવે તો, તે જેટલી વાર રહે ત્યાં સુધી ચકરનો ભંગ કરવો નહી

૪૦—જેમ દુષ્ટ આત્માના પ્રવેશથી કોઇ વખત મિડિયમને દુઃખ થાય છે. તેમજ સાધુ આત્માના પ્રવેશથી તેને આનંદ પણ થાય છે.

૪૧—કેટલાક પ્રયોગકારો જલદીથી આત્માને બોલાવવાને માટે, ચકરની વચમાં મુકવામાં આવતા ટેબલપર એક લોઢાનો તાર ગોળાકારે જડી લેછે તેમજ હાથ મુકવાની રેખાઓ (હદ) પણ તારાનીજ બનાવે છે.

૪૨—મિડિયમના શરીરમાંથી આવેલો આત્મા નીકળી ગયા બાદ પણ જો તે બેશુદ્ધજ જણાય તો તેને પાસ દેઇ જાગૃત કરવો.

૨૮૬૩

૪૩ —એ પાસ દેવાની રીત એમ છે કે પોતાના બન્ને હાથની હથેળીઓ મીડીયમના અંગ તરફ રહે તેવી રીતે પ્રમુખ પોતાના બંન્ને હાથ પગના અંગુઠાઓ આગળથી ધીમે ધીમે મીડીયમના મસ્તક સુધી લેઇ જવા, અને ત્યાંથી મીડીયમના તે હાથ પાછા મીડીયમના પગ આગળ લેઇ જતી વખતે પાછા મીડીયમના શરીર ઉપરથી ન લઈ જતાં બંને હાથની મીડીયમના માંથા આગળ મુઠીઓ વાળી તે બીજી જગ્યાએ થઇને લેઇ જવા. મતલબ એ કે ઉલટો પાસ લાગે નહીં તેની સંભાળ રાખવી. આ પ્રમાણે નીયમો ધ્યાનમાં રાખી પ્રયોગ કરવાથી તમે આ વિદ્યાનો સારો લાભ મેળવશો અને જુદા જુદા આત્માઓના સહવાસમાં આવ્યાથી કોઇ વખતે નહીં ધારેલો ઉત્તમ લાભ મેળવી શકશો.

આ વિદ્યાના પ્રતાપે સુખ, દુઃખ, વેપાર રોજગાર, નોકરી ચાકરી, વશીકરણ, મોહન, લગ્ન સંબંધી, પ્યાર વધારનાર, કલેશ કજીઆ મટાડનાર, ધાર્યું કામ પાર પાડવાની યુકિત બતાવનાર વીગેરેના ઇલાજો પણ થઇ શકે છે. કારણકે પવિત્ર આત્માને બોલાવી તેમને તે બાબત જોઇતો ખુલાસો પુછી ઉપાય કરવાથી કોઇ પણ દુઃખી માણસનું દુઃખ દુર કરી શકાય છે. અને તેથી તે બીચારાનો જે આશીરવાદ મળે છે તેથી આપણું પણ ભલું થાય છે. આ વિદ્યા સંબંધી કાંઇ પણ વધારે જાણવું હોય તો મુંબાઇ સુધી તેડાવનારે જતાં આવતાંનું ગાડી ભાડું ને ખાધા ખરચ મળી આશરે રૂ. ૨૦) વીસ રૂપીઆ ખરચ થાય છે તે મનીઆડરથી મોકલી આપવા એટલે અમે અમારા જે મિત્ર કે સ્નેહીના ત્યાં ઉતરવાના હોઇશું તેનું ઠેકાણું ને મેલાપનો ટાઇમ લખી જણાવીશું, એટલે તેના ત્યાં એકાંતમાં વાતચીત કરી જે ખુલાસો કરવો હશે તે ખા·

નગી રીતે કરી શકીશું તથા મંત્ર સંબંધી કામકાજ પણ કરી આપીશું એક માણસ જાત તરીકે કોઇબી સ્ત્રી પુરૂષને મ્હારાથી મદદ થઇ શકે તેમ હશે તો તે કરવાને હું મ્હારા ખરા અંતઃકરણથી રાજી થઇશ. વાસ્તે તમારે જ્યારેબી મ્હારી મદદની જરૂર પડે ત્યારે એક બાઇ તરીકે કંઇ પણ શરમ રાખ્યા વગર વીગતવાર તમારી હકીકત લખીં જણાવવી અને જવાબ સારૂ ટીકીટ મોકલવી તથા તમારૂં પુરેપુરૂં શરનામું લખવું, કાગળ પત્રો ખાનગીજ રાખવામાં આવશે. " **મેન્ટલ ટેલીપથી** યાને **વિચારથી સંદેશા** મોકલવાની ચોપડી પોષ્ટેજનો અડધો આનો મોકલનારને મફત—ભેટ તરીકે મોકલવામાં આવે છે. એ વિધા પણ એક દેવતાઇજ ચમત્કાર જેવી છે. અને એનો અમને ઘણીવાર અનુભવ પણ થયેલો છે. વાસ્તે તમારે વાંચવી હોય તો પોષ્ટની ટીકીટ મોકલી મંગાવી લેજોજી.

વામ માર્ગની વિધાઓ.

એનાં મૂલ કર્મ ૭ પ્રકારનાં છે, શાન્તિકરણ; વશીકરણ સ્તંભન વૈર, ઉચ્ચાટન તથા મારણ તેમાં **શાન્તિકરણ** વિધાથી રોગ, જાદુ, ગ્રહો, ઈત્યાદિની પીડા મટાડી શકાય છે. **વશીકરણ** વિધાથી મનુષ્ય કિંવા હર પ્રાણી કેવળ તાબે કરી શકાય છે, **સ્તભ** કૃયાથી ગતિ રોકાય છે; **વૈરથી** પ્રેમ તથા સ્નેહનો નાશ કરી શકાય છે **ઉચ્ચાટન** સ્વદેશ ત્યાગ કરાવે છે ને જીવ બેચેનમાં રાખે છે. મારણ વિધાથી મુઠ, ચોટ મારી હરેક જીવ ધારીનો પ્રાણ બંધ કરી શકાય છે. એ દરેક કર્મ કરતી વેળાએ અમુક દિશાએ મુખ રાખવું પડે છે તે દિશાઓ ઇશાન, ઉત્તર, પૂર્વ; નૈઋત્ય વાવ્ય તથા અગ્નિ છે તથા તે દરેકની જુદી જુદી દેવીઓ હોય છે. રતિ, સરસ્વતી, લક્ષ્મી, જયેષ્ટા, દુર્ગા અને ભદ્રકાળી

દેવીઓનું પ્રથમ પુજન કરવું પડે છે. જેઓના શ્વેત, રક્ત, પિંગા. તામ્ર, ધુમ્ર અને શ્યામ રંગો છે, વળી એ કરવામાં ઋતુ વિચાર અવશ્ય છે. પ્રાતઃકાળમાં હેમંત. સૂર્યોદય પછી વસન્ત, બપોરે, ગ્રીષ્મ. તે પછી વર્ષા, સાયંકાળે **શિશિર** અને મધ્યરાત્રી સમયે **શરદ** રૂતુ ભોગવાય છે. હવે હેમંતમાં **શાન્તિ કર્મ**, વસન્તમાં **વશીકરણ**, ગ્રીષ્મમાં **વૈર**, વર્ષામાં **ઉચ્ચાટન** શિશિરમાં **સ્તંભન** તથા શરદમાં **મારણ** પ્રયોગ ચલાવાય છે.

આ ક્રિયાઓ કરતી વખતે અને તેને લગતા મંત્ર જપતી વેળાએ બેસવાના આસનોમાં પણ ભેદ છે, **શાન્તિકરણમાં સ્વસ્તિક**, વૈરમાં **કુક્કટ**, ઉચ્ચાટનમાં **અર્ધ સ્વસ્તિક**, સ્તંભન તથા મારણમાં **વિકટ**, વશીકરણમાં **ભદ્ર** એવાં આસનો ઉત્તમ ગણાય છે. મંત્રોમાં પણ પુરૂષ, સ્ત્રી તથા નપુસક એવાં ત્રણ લિંગ છે. જે દરેકને કાર્ય મુજબ વાપરવાં પડે છે. હરેક કાર્ય માટે જૂદાં જૂદાં મંત્રનાં પદ છે. જે જપતી વખતે ઉપયોગમાં લેવાય છે. બંધન, ઉચ્ચાટન દ્વેષ, તથા સંકીર્ણ કાર્યોની સિદ્ધિ માટે હુમ, છેદનમાં ફૂટ, અરિષ્ટ તથા ગ્રહ નિવારણમાં હુફૂટ, બોધમાં પટ, અગ્નિ કર્મમાં **સ્વાહા** તથા બીજાં સર્વે પુજનોમાં **નમ** શબ્દનો ઉપયોગ થાય છે. **પુરૂપ**, સ્વાહા **સ્ત્રી**, તથા નમઃવાળાં મંત્રો **નપુસક** ગણાય છે. વશીકરણ તથા શાન્તિ કર્મમાં પુરૂષ, ક્ષુદ્ર ક્રિયાઓમાં સ્ત્રી તથા તથા બીજાઓમાં નપુસક મંત્રો વપરાય છે,

આ શિવાય અમુક વખત મંત્ર જપવા સારૂ જે માળાઓ વપરાય છે તેના દાણાઓમાં પણ ફરક છે. વશીકરણ મંત્રો માટે **મોતી** અથવા **હીરાની** માળા જોઇએ, આકર્ષણ માટે **ગજ મુકતાની** માળા, ઉચ્ચાટન તથા વૈર માટે **બેહેડાની** માળા, મા-

રણુ સારૂ પોતાના ગ્હોતે મુએલા ગધેડાના **દાંતની** માળા, ધર્મ કામાર્થ સિદ્ધિ માટે **શંખમણિની** માળા, સર્વ કામાર્થ સિદ્ધિ માટે **પદ્માક્ષની** તથા તમામ જાતનાં કાર્યો માટે **રૂદ્રાક્ષની** માળા નો ખપ પડે છે. એ દાણુાઓ પરોવવાની દોરીમાં પણુ જાત જાતની દોરીઓ વપરાય છે. શાન્તિમાં **કમળ તંતુની** દોરી, આકર્ષણુ અને ઉચ્ચાટનમાં ઘોડાના **પુચ્છના વાળની** દોરી, મારણુમાં **માણુસની નસની** દોરી તથા બહેડા ઇત્યાદિની માળા **સુતરની દોરામાં** પરોવવામાં આવે છે. મોતીની માળાના ૨૭ **દાણુા** જોઇએ. બેરડાના ૧૫ મણુકા અને બીજી બધી માળાઓમાં **૧૦૮ દાણુાઓ** જોઇએ, તે ફેરવવાની યુક્તિ અને નિયમ બહુજ ગુપ્ત રાખવામાં આવે છે. શાન્તિકરણુ સ્તંભન અને વશીકરણુમાં **અંગુઠા** અને **વચલી આંગળીથી** માળા ફેરવી. આકર્ષણુમાં **અંગુઠા** અને **અનામિકાથી** માળા ફેરવવી અને વૈર તથા ઉચ્ચાટનમાં **અંગુઠા** તથા **તર્જની આંગળીથી** માળા ફેરવવી, તેમજ મારણુના પ્રયોગમાં **અંગુઠા** તથા **કનિષ્ટા આંગળીએ** માળાના દાણુા ફેરવવા જોઇએ.

મંત્રનો જપ ત્રણુ પ્રકારનો છે, વાચિક, ઉપાંશુ તથા માનસ, **વાચિક** મંત્ર અન્ય કોઈ સાંભળે તેમ સ્પષ્ટ બોલાય છે. **ઉપાંશુમાં** માત્ર ઓષ્ટ—હોઠ હાલે છે. **માણુસ** મંત્રમાં અંતર ઉચ્ચારણુજ થાય છે, વળી જુદાં જુદાં કાર્યો માટે જુદી જુદી વસ્તુઓનો હોમ કરવામાં આવે છે. અને તે તે પદાર્થોનું અગ્નિમાં હવન થાય છે. શાન્તિકરણમાં દુધ, ઘી, તિલ, પિપલ; પુષ્ટીમાં બીલીપત્ર, ઘી, વશીકરણમાં રાઇ, લવણ—મીઠું; ઉચ્ચાટનમાં કાગડાની પાંખ, મોહનમાં ધંતુરાનાં બીજ; મારણમાં લોહીની મેળવ-

ણીવાળું ઝેર એ મુજબ પદાર્થોમાં આવે છે એ વસ્તુઓનું હવન **કરતી** વખતે **અમુક** મુદ્રાથી કામ થાય છે. અને અજ્ઞાનતાથી ખોટી મુદ્રાનો ઉપયોગ થવે કરનાર ધણી અને તેનુ કામ ભારી નુકશાન પામે છે. વખતે જીવ પણ લેછે એવી હોમ મુદ્રા ત્રણ છે જેને **શુકરી, હંસી** અને **મૃગી** કહે છે. આહુતી દેતી વખતે જે હાથને સંકોચી આપવામાં આવે છે તેને શુકરી, કનિષ્ટિકાને છોડી જે દેવામાં આવે છે. તેને હંસી, અને તર્જની તથા કનિષ્ટાનાં મેળાપથી જે આહુતી આપવામાં આવે છે તેને મુગી મુદ્રા કહે છે એ ઉપરાંત પ્રયોગ કરતાં જે આસનો વપરાય છે તે પણ જૂદા જૂદા ચામડાનાં હોય છે. વશીકરણ માટે **મેંઢાના ચામડાનું આસન** જોઈએ, આકર્ષણ સારૂ **વાઘના ચામડાનું**, ઉચ્ચાટન માટે **ઉંટના ચામડાનું**. વિદ્વેષ સારૂ **ઘોડાના ચામડાનું** અને મારણ માટે **ભેંસના ચામડાનું આસન** વપરાય છે. એના ઉપર અમલ કરવાને સંખ્યાબંધ મંત્રો, બીજો, યંત્રો અને તથા ક્રીયાઓ છે. વળી તેના ઉપયોગમાં બીજી અપ્રસિદ્ધ બારીકીઓ છે જે કોઇ બીજી વખતે બતાવીશું, આ વિદ્યાઓ ગુરૂ વિના **સાધ્ય થઈ શકતી નથી.** કારણ કે તેમાં જો જરીક પણ ખામી રહી જાય છે. તો ધાર્યા કરતાં ઉલટું પરિણામ આવે છે આ બાબત વધારે જાણવાની જરૂર હોય તેણે અમને લખવું અથવા રૂબરૂમાં મળી ખુલાસો પુછવો. ઇશ્વર દરેક આત્માનું ભલું કરો. અને સકળ સૃષ્ટીમાં આનંદ આનંદ પ્રર્વતાવો ! ! !